નમુનો નં.૪

## ફોજદારી કાર્યરીતી અધિનિયમ–૧૯૭૩ ની કલમ – ૧૪૪ અન્વયેનો હુકમ.

ક્રમાંક : એમએજી/સીઆરપીસી/વશી–૩૩૪૬-૫૬/૨૦૧૮
તા.૦૬/૧૧/૨૦૧૮

જાહેર જનતા જોગ.

નામદાર સુપ્રિમ કોર્ટ ધ્વારા રીટ પીટીશન નં.૭૨૮/૨૦૧૫ ના કામે તા.૨૩/૧૦/૨૦૧૮ નાં રોજ તથા તા.૩૦/૧૦/૨૦૧૮ ના રોજ દિવાળીના તહેવાર તથા અન્ય તહેવારો નિમિત્તે જાહેર જનતાને ભયજનક/હાનિકારક પર્યાવરણ તથા ધ્વની પ્રદુષણનો વિપરીત અસરથી રક્ષવા માટે ફટાકડાના ઉત્પાદન,વેચાણ તથા ફટાકડા ફોડવા બાબતે દિશા નિર્દેશો કરેલ છે. તેના અમલીકરણ માટે તથા દિવાળીનાં તહેવારો દરમ્યાન ફોડવામાં આવતા ફટાકડાના કારણે આગ,અકસ્માતના બનાવો ના બને અને જાહેર જનતાને અગવડ ન પડે તે માટે ડાંગ જિલ્લાના સમગ્ર વિસ્તારમાં ફટાકડાના ખરીદ,વેચાણ તથા ઉપયોગ ઉપર નિયંત્રણ મુક્વું જરૂરી જણાય છે.તે માટે ફોજદારી કાર્યરીતી અધિનિયમ–૧૯૭૩ ની કલમ–૧૪૪ મુજબ પગલાં લેવા પુરતું કારણ હોવાનો અભિપ્રાય છે.

તેથી હું બી.કે.કુમાર,(આઈ.એ.એસ) જિલ્લા મેજીસ્ટ્રેટ,ડાંગ–આહવા ફોજદારી કાર્યરીતી અધિનિયમ –૧૯૭૩ ની કલમ–૧૪૪ તથા ગુજરાત પોલીસ અધિનિયમ–૧૯૫૧ ની કલમ–૩૩ (૧) (યુ) મુજબ મને મળેલ સત્તાની રૂએ ડાંગ જિલ્લાનાં સમગ્ર વિસ્તાર માટે આજથી તા.૨૦/૧૧/૨૦૧૮ નાં રોજ સુધી નીચેના કૃત્યો કરવા ઉપર પ્રતિબંધ મુકવા હુકમ કરૂ છું.

(૧) દિવાળીના તહેવારો દરમ્યાન રાત્રીનાં ૨૦–૦૦ કલાકથી ૨૨–૦૦ કલાક દરમ્યાન જ ફટાકડા ફોડી શકાશે.

(૨) સીરીઝમાં જોડાયેલા ફટાકડા (ફટાકડાની લુમ) ( Series Cracker of Laris) થી મોટા પ્રમાણમાં હવા, અવાજ અને ઘન કચરાની સમસ્યા થતી હોવાથી તે રાખી શકાશે નહી, ફોડી શકાશે નહિ કે વેચાણ કરી શકાશે નહી.

(૩) હાનિકારક ધ્વની પ્રદુષણ રોકવા માટે માત્ર PESO સંસ્થા ધ્વારા અધિકૃત બનાવટ વાળા અને માન્ય ધ્વનિ સ્તર (Decibel level) વાળા જ ફટાકડા વેચી/વાપરી શકાશે. PESO ધ્વારા એવા અધિકૃત/માન્ય ફટાકડાના દરેક બોકસ ઉપર " PESO નો સૂચના પ્રમાણેનું " માર્કિંગ હોવુ જરૂરી છે.

(૪) હોસ્પિટલ,નર્સિંગ હોમ,આરોગ્ય કેન્દ્રો,શૈક્ષણીક સંસ્થાઓ,ન્યાયાલયો,ધાર્મિક સ્થળોની ૧૦૦ મીટરની ત્રિજ્યાના વિસ્તારને સાયલેન્ટ ઝોન તરીકે ગણવામાં આવશે. અને ત્યાં કોઈપણ પ્રકારના ફટાકડા ફોડી શકાશે નહી.

(૫) કોઈપણ પ્રકારના વિદેશી ફટાકડા આયાત કરી શકાશે નહિં, રાખી શકાશે નહિ કે વેચાણ કરી શકાશે નહિં.

(૬) ઈન્ફોમર્સ વેબ સાઈટ ફલીપકાર્ટ એમેઝોન સહીતની કોઈપણ ઈન્ફોમર્સ વેબ સાઈટ ફટાકડાના વેચાણ માટે ઓન લાઈન ઓર્ડર લઈ શકાશે નહી. ઓન લાઈન વેચાણ કરી શકાશે નહી.

(૭) લોકોને અગવડ ઉભી ન થાય કોઈ પણ ભયજનક પરિસ્થિતિનું નિર્માણ ન થાય તે માટે ડાંગ જિલ્લાનાં બજારો, શેરીઓ, ગલીઓ, જાહેર રસ્તાઓ, પેટ્રોલ પંપ, એલ.પી.જી.ગેસના સ્ટોરેજ અન્ય સળગી ઉઠે તેવા પદાર્થોનો સંગ્રહ કરેલા ગોદામોં નજીક ફટાકડા દારૂખાનું ફોડી શકાશે નહી.

આ હુકમે આજથી તા.૨૦/૧૧/૨૦૧૮ નાં કલાક ૨૨–૦૦ સુધી ડાંગ જિલ્લા હસ્તકના સમગ્ર વિસ્તારમાં અમલમાં રહેશે.

ઉપરોકત હુકમનો ભંગ કરનાર વ્યકિત ભારતીય દંડ સંહિતાની કલમ–૧૮૮ મુજબ શિક્ષાને પાત્ર રહેશે.

આજ રોજ તા.૦૬/૧૧/૨૦૧૮ નાં રોજ મારી સહી તથા સિકકો કરી આપેલ છે.

જિલ્લા મેજીસ્ટ્રેટ, ડાંગ
આહવા

(બી.કે.કુમાર)
જિલ્લા મેજીસ્ટ્રેટ
ડાંગ–આહવા